# રિટેલ મેનેજર

રિટેલ મેનેજર્સ રિટેલ આઉટલેટની ઉત્પાદનો અને સેવાઓના વેચાણને લગતી રોજિંદી કામગીરીનું સંચાલન કરે છે. કોઈપણ રિટેલ સ્ટોરની સફળતા માટે રિટેલ મેનેજર જવાબદાર છે. રિટેલ મેનેજર સ્ટોરના કર્મચારીઓની દેખરેખ રાખે છે, ગ્રાહકને સંતોષ મળે તે સુનિશ્ચિત કરે છે અને ઈન્વેન્ટરી અને સ્ટોકનું વ્યવસ્થાપન દેખરેખ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને લોકોને સમજાવવા અથવા સહમત કરવાનો પ્રયાસ કરવો ગમે છે
- તમે સંકલન અને આયોજનમાં રૂચિ ધરાવો છો
- તમને સમસ્યાઓ ઉકેલવામાં આનંદ આવે છે



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. રિટેલ મેનેજમેન્ટમાં સ્નાતકની ડિગ્રી (BBA) મેળવો

**અથવા**

રિટેલ મેનેજમેન્ટમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, રિટેલ મેનેજમેન્ટ/માર્કેટિંગમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરો.

**અથવા**

રિટેલ મેનેજમેન્ટમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી રિટેલ મેનેજમેન્ટમાં એમ.બી.એ. કરો.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચે પૈકીની એક પ્રવેશ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે: સી.ઈ.ટી., એસ.ઈ.ટી., ડિ.યુ. જે.એ.ટી., એસ.ઈ.ટી.વગેરે.

સ્નાતકોત્તર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચેની કોઇપણ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે: કેટ/એક્સ.એ.ટી./ જીમેટ/ એસ.એન.એ.પી./ એન.એમ.એ.ટી./સી.એમ.એ.ટી. વગેરે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રિટેલ મેનેજરનું શરૂઆતનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૫,૦૦૦ થી ૩૫,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3HiUq7U

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રિટેલ કંપનીના સ્ટોર, શોરૂમ, સુપરમાર્કેટ, ડિપાર્ટમેન્ટ સ્ટોર, નાના છૂટક વ્યવસાયો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે સુપરવાઈઝર તરીકેની જવાબદારીઓ સાથે ઓફિસમાં કામ કરશો. તમારે વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ અને એક્ઝિક્યુટિવ્સની ટીમની દેખરેખ રાખવાની જરૂર પડશે. ક્યારેક પ્રવાસ કરવો પડી શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરશો તેવી અપેક્ષા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઓપરેશન્સ કોઓર્ડિનેટર → ઓપરેશન્સ સુપરવાઈઝર → ઓપરેશન્સ મેનેજર → ઓપરેશન્સ કંટ્રોલર → ઓપરેશન્સ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

મેનેજર રિટેલ ટ્રેડ, રિટેલ પાર્ટનર, બ્રાન્ચ મેનેજરરિટેલ ટ્રેડ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૨. લાલા લાજપતરાય કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ
૩. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪.જામિયા મિલિયા ઈસ્લામિયા, દિલ્હી
૫. સિડનહામ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈ
૬. એમકેબીયુ, ભાવનગર
૭. બીર્સા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી, રાજપીપળા
૮. ગવર્મેન્ટ કોલેજ ઓટોનોમસ, રાજમુન્દ્રી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ
૨. એમિટી ઇન્ટરનેશનલ બિઝનેસ સ્કૂલ, નોઇડા
૩. નરસી મોંજી, મુંબઈ
૪. મેનેજમેન્ટ ફેકલ્ટી, રાજસ્થાન
૫. જીયુએનઆઈ, મહેસાણા
૬. એમ.સી.એસ. ડી.એ.વી. કોલેજ ફોર વુમન, ચંદીગઢ
૭. ડૉ. ડી.વાય.પાટીલ આર્ટ્સ કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, પુણે
૮. આઈટીએમ વૉકેશનલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_mg51/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નંદિતા સિન્હા** કે જેઓ પહેલા ફ્લિપકાર્ટમાં કામ કરતા હતા તેમણે ૧ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ મિંત્રાના સી.ઈ.ઓ. તરીકે ચાર્જ સંભાળ્યો હતો. તેણીની ભૂમિકાના ભાગરૂપે, તે રિટેલ વ્યૂહરચના અને આયોજન, બિઝનેસ અમલીકરણ, સપ્લાય-ચેઈનની માંગ અને ગ્રાહક સંતોષ માટે જવાબદાર છે. નંદિતા સિંહા ઈ-કોમર્સ અને એફ.એમ.સી.જી.માં ૧૬ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેણીએ પોતાની કારકિર્દી હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડમાં શરૂ કરી અને બાદમાં બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝમાં પણ કામ કર્યું.*

સ્રોત:https://thenewsmen.co.in/high-flyers/nandita-sinha-know-the-ceo-of-myntra/87713

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.